શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત માસિક

ઉંચાઈ પર પહોંચવું હોય તો બાજ બનવું દગાબાજ નહીં.

# પરિવાર પત્રિકા

વર્ષ - ૨૧ ● અંક-૨૪૫ ● ફેબ્રુઆરી - ૨૦૨૪

કિંમત રૂા. ૨-૦૦

જાગૃતિ • માહિતી • પ્રવૃત્તિ • પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : પ્રમોદભાઈ એન. ગાંધી 93270 07054
સહ સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444

ભાઈલાલભાઈ એન. ગાંધી..........(સમોડા) 99257 22324
મીહીરભાઈ એચ. શાહ..........(બોકરવાડા) 98982 58515
ભાવેશભાઈ એમ. શાહ..............(ભાલક) 94277 02080

**મેનેજીંગ ટ્રસ્ટી**

જશવંતલાલ પી. શાહ..........(ભાલક) 99747 16584

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................ (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ..................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ................. (મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ............... (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ.................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................ (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................. (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી...............(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ.................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ..................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................ (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ..............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................ (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ.................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ.................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ...................... (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ..............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ.મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા).........(સમોડા)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિબંધુઓ,

આપણા જ્ઞાતિમંડળ દ્વારા પ્રકાશિત થતા "પરિવાર પત્રિકા" ના બીજા પાને નીચેના ભાગમાં શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ (રણુંજ-અમદાવાદ)ના સુપુત્રો સર્વશ્રી મયૂરભાઈ, શ્રી વિજયભાઈ, શ્રી સંજયભાઈ તરફથી માતુશ્રી સ્વ.નિર્મળાબેન જશવંતલાલ શાહની પુણ્યસ્મૃતિમાં સુવિચાર સાથે તેમનો ફોટો, નામ, પરિવારજનોના નામ વિગેરે છપાવવાનો લાભ તેમના પરિવારજનોએ લીધેલો છે. જે માર્ચ-૨૦૨૪માં પૂર્ણ થાય છે. જ્ઞાતિમંડળ આ પરિવારની સમાજ પ્રત્યેની ઉદાર ભાવનાને બિરદાવતાં તેમનો અંતઃકરણપૂર્વક આભાર માને છે. આ પરિવાર મંડળની સેવાકીય પ્રવૃત્તિઓમાં અવાર-નવાર આર્થિક યોગદાન આપતું રહે છે.

હવે એપ્રિલ-૨૦૨૪ થી માર્ચ-૨૦૨૫ (વાર્ષિક) સુધીના માટે દાતા આવકાર્ય છે. જેનો નકરો રૂા.૨૧૦૦૦/- અંકે રૂપિયા એકવીસ હજાર રાખવામાં આવેલ છે. તો જે જ્ઞાતિબંધુઓ આ યોજનામાં લાભ લેવા ઈચ્છતા હોય, તેઓએ તેમનું લેખિત સંમતિપત્ર સીલબંધ કવરમાં મોડામાં મોડું તા.૨૫-૦૨-૨૦૨૪ સુધીમાં મોકલી આપવા વિનંતી છે. એકથી વધુ ઓફર સીલબંધ કરવમાં આવશે તો ડ્રો પધ્ધતિથી ભાગ્યશાળી દાતાને આ યોજનાનો લાભ આપવામાં આવશે. રૂા.૨૧૦૦૦/-ના નકરામાં ઉપરોક્ત વર્ષ દરમ્યાન એક અથવા બે અલગ-અલગ દર છ મહિને ફોટો છપાશે.

શ્રીમતી વર્ષાબેન દિલીપભાઈ શાહ (ભાલક)ની કાયમી સાધર્મિક સહાય યોજના અંતર્ગત, અમદાવાદ જ્ઞાતિમંડળમાં જે ફંડ ઉપલબ્ધ છે તેમાંથી જરૂરિયાતવાળા પરિવારોને વર્ષમાં બે વખત કુટુંબના સભ્યોની સંખ્યા મુજબ, જીવનજરૂરિયાતની ખાદ્યસામગ્રી ઘેર બેઠા પહોંચતી કરવામાં આવે છે. સાથે સાથે તેવા પરિવારના કુટુંબીજનોને આર્થિક સહાય (અનુકંપા દાન) રૂપે સમાજની કોઈ વ્યક્તિને રોકડ રકમ આપીને સાધર્મિક સહાયમાં સહભાગી થવાની ઈચ્છા હોય, તેઓ શ્રી તરફથી સાધર્મિક પરિવારોને ખાદ્યસામગ્રી સાથે દાતા તરફથી મળેલ રકમ પણ મોકલી આપવામાં આવશે. તો દાતાશ્રીઓ આપ જરૂર ઉદારતાથી દાન આપશો તેવી નમ્ર વિનંતી છે.

અમદાવાદ જ્ઞાતિમંડળ સાધર્મિક સહાય, શૈક્ષણિક સહાય, મેડીકલ સહાય, શુભલગ્ન યોજના, યુથ ફોરમ, પરિવાર-પત્રિકા પ્રકાશન, સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ તેમજ મહિલા મંડળ દ્વારા અનેકવિધ પ્રવૃત્તિઓનું સંચાલન કરી, જ્ઞાતિજનોને પ્રેમસંબંધે બાંધી રાખવા સતત પ્રયત્નશીલ છે. સને ૧૯૫૪-૫૫થી શરૂ થયેલી આ મંડળની સુદીર્ઘ વિકાસયાત્રામાં દીર્ઘદ્રષ્ટા સ્થાપકો, દાનવીરો, વહીવટકર્તાઓ અને શુભેચ્છકોનું અમૂલ્ય યોગદાન રહ્યું છે. એ ગુણીજનોને નતમસ્તકે વંદન. વર્તમાન સમયે સુપેરે સંચાલન કરી રહેલા અગ્રણીઓ-કાર્યકર્તાઓને પણ વય મર્યાદા રહેવાની, તેથી હવે નવી પેઢીએ, યુવાવર્ગે આ કાર્યભાર સંભાળવાની આવશ્યકતા છે. જેમાં યુથફોરમે સક્રીય થવાની જરૂરિયાત જણાય છે. વ્યક્તિ કરતાં સંસ્થા મહાન છે. અંગત મંતવ્ય કરતાં સાર્વત્રિક સિધ્ધાંત તેમજ સંસ્થાના હેતુઓ મહત્વના સમજીને આપણે વિકાસ કુચ કરવાની છે. સમાજમાં આગેવાન બનવું સહેલું નથી. (પગાર

# પરિવાર પત્રિકા

**સૌજન્ય દાતા**
**(જાન્યુઆરી-૨૪ થી ડીસેમ્બર-૨૪)**



**સ્વ. અરૂણાબેન અરવિંદભાઈ શાહ**
**(મોટપ - અમદાવાદ)**
જન્મ તા.૨૭-૧૨-૧૯૫૧ • સ્વ.તા.૦૫-૧૨-૨૦૨૦

ની સ્મૃતિમાં

જીગ્નેશભાઈ શાહ – રૂપલબેન શાહ
નીશીબેન – દીયાબેન
સંજયકુમાર – મોનાબેન
જૈની – આગમ

**અરવિંદભાઈ પૂનમચંદ શાહ**
(મોટપ–અમદાવાદ)
પરિવાર તરફથી અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા" મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ .........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ..........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ..........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ..........(ખરોડ)

લીધા વગર) તન, મન, ધનથી માનદ્સેવા કરનારને કોઈવાર કડવા ઘૂંટડા પણ પીવા પડે. જે વ્યક્તિઓ સમાજ માટે કામ કરતી હોય તેમના ઉપર આંગળીઓ ઊઠવાની, એમ સમજીને આ અગ્રણીઓ સંસ્થા ચલાવી રહ્યા હોય છે. તો વહીવટકર્તાઓને એટલું કહો કે અમે તમારી સાથે છીએ. આપણા મંડળ દ્વારા હજી ઘણી રચનાત્મક પ્રવૃત્તિઓ કરવાની છે તે માટે પારસ્પરિક સદ્‌ભાવ અને એકતા અનિવાર્ય છે. તો આવો, સમાજને ઉપયોગી કાર્યક્રમો હાથ ધરવા આપણે સૌ સહિયારો પુરુષાર્થ કરીએ.

ધોરણ–૧ થી ૧૨ અને કોલેજ સુધીના અભ્યાસ માટે રાજ્ય સરકારની શિક્ષણસહાય યોજના અમલમાં છે. તેની જરૂરી માહિતી તથા અરજી કરવા માટે ફોર્મ વિગેરે આ સાઈટ ઉપર ઉપલબ્ધ છે.
https://helpstohindi.com/shramyogi-shikshan-sahayscholarshipyojna-2023.

આયુષ્યમાન કાર્ડ પર હવે ૧૦ લાખની સહાય મળી શકે છે. લાભાર્થી યાદીમાં નામ ચેક કરવા લિંક પર ક્લિક કરો : https://bit.ly/3XHN6Yg. ઉપરોક્ત બન્ને બાબતોનો મેસેજ જ્ઞાતિમંડળની Mandal Karobari ગ્રુપમાં તારીખ 7 અને 8 January-24 એ મૂકેલ છે.

સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ યોજના અંતર્ગત જ્ઞાતિહોલમાં ધાર્મિક શિક્ષક દ્વારા પાઠશાળા કાર્યરત છે. જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં લાભ લેવા વિનંતી છે.

મેડીકલ સહાય સ્કીમ અંતર્ગત આપણા મંડળ દ્વારા ડૉ.શ્રીમતી શ્વેતાબેન આર. શાહ, હોમિયોપેથીક તપાસ, માર્ગદર્શન અને દવા, નિ:શુલ્ક દર મહિને બે ગુરુવારે આપે છે. તેના મેસેજ અગાઉથી સંસ્થા દ્વારા વોટ્સએપ આપવામાં આવે છે. જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં આ સેવાનો લાભ લેવા વિનંતી છે.

ભાવેશભાઈ એમ. શાહ–માનદ્‌મંત્રી ● રમેશભાઈ સી. શાહ–સહમંત્રી

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

**આગામી પ્રોગ્રામ**

તા.૧૫–૦૨–૨૦૨૪, ગુરુવાર

સમય : બપોરે ૨–૦૦ કલાકે
સ્થળ : જ્ઞાતિ હોલ

અમદાવાદ મહિલા મંડળ તરફથી ગૃહિણી અને ગૃહિણીના સ્વવિકાસ માટે લેખક શ્રી રમેશભાઈ તન્નાના ધર્મપત્ની શ્રીમતી અનીતાબેન તન્ના એમનું વકતવ્ય આપવા પધારશે. ૧૯૯૮માં ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના શ્રેષ્ઠ મહિલા પત્રકાર તરીકે સન્માનીય એવા શ્રીમતી અમીતાબેન અનેક સંસ્થાઓમાં માનદ્ સેવાઓ આપે છે. આવા અનિતાબેનનું વાક્તવ્ય સાંભળવા સર્વે મહિલા મંડળની બહેનો ને સમયસર પધારવા વિનંતી છે.

સાથે સાથે દાબડા ઉજાણી તથા હાઉસીનો પ્રોગ્રામ પણ રાખવામાં આવેલ છે.

દેવલબેન કે. શાહ–મંત્રી ● સોનલબેન એસ. શાહ–સહમંત્રી



**નિર્મળાબેન જશવંતલાલ શાહ**
રણુજ - હાલ : અમદાવાદ
જન્મ તા.૧૮-૦૩-૧૯૪૪ * સ્વ. તા.૨૧-૦૩-૨૦૨૨

સબંધ સાચવવા અઘરા નથી હોતા પરંતુ સબંધની સાથે જોડાયેલા અલગ અલગ વિચારોને સાચવવા અઘરા હોય છે.

મયુર જશવંતલાલ શાહ
જાસ્મીન વિજય શાહ • વિજય જશવંતલાલ શાહ
ક્રિપા સંજય શાહ • સંજય જશવંતલાલ શાહ


V. Jashvantlal & Co.
Stallion Laboratories Pvt. Ltd.
Espee Pharmachem Pvt. Ltd.

# શ્રી સુડતાલીસ જૈન જ્ઞાતિ મંડળ, પૂના

## વિવિધતા સભર વાર્ષિક કાર્યક્રમ

તા.૨૪-૧૨-૨૦૨૪ને રવિવારે 'મહાવીર પ્રતિષ્ઠા'માં વાર્ષિક સ્નેહમિલનનો કાર્યક્રમ શ્રીમતી સરલાબેન ઈશ્વરલાલ શાહ (દેણપ) પરિવારના સૌજન્યથી યોજવામાં આવ્યો હતો.

જ્ઞાતિના હોદ્દેદારો, જ્ઞાતિજનો, વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ અને સન્માનિય સિનિયર સીટીઝન વડીલો વિગેરે ૪૫૦ વ્યક્તિઓની ઉપસ્થિતીમાં દીપ પ્રાગટ્ય કરી શ્રી નવકારમંત્રની ધૂન સાથે શ્રી હીંમતભાઈ પંડ્યાના સૂરમિલન સાથે ગીત-સંગીતના મધુર વાતાવરણમાં શરૂ કરવામાં આવ્યો. ૭૫ વર્ષ ઉપરના વડિલોનું સન્માનપૂર્વક બહુમાન કરીને તપસ્વી બહુમાનનો કાર્યક્રમ યોજાયો. સમગ્ર વાતાવરણ ધાર્મિક માહોલમાં છવાઈ ગયું હતું. સૌ એ તપસ્વીઓના તપની અનુમોદના કરી હતી. ત્યારબાદ તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન કરીને પૂના જ્ઞાતિ મંડળની સંપર્ક પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. જેનો લાભ શ્રી બિપીનભાઈ શાંતીલાલ શાહ (ઉનાવા) પરિવારે લીધો હતો. સ્વરૂચી ભોજનનો આનંદ માણી સૌજન્યદાતા શ્રીમતી સરલાબેન ઈશ્વરલાલ શાહ (દેણપ) પરિવાર, પુસ્તિકાના લાભાર્થી બીપીનભાઈ શાંતિલાલ શાહ (ઉનાવા) પરિવારનું બહુમાન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ સરસરીતે સંપન્ન થવા બદલ જ્ઞાતિજનોએ હોદ્દેદારોનો આભાર માન્યો હતો.




## આ પ્રસંગની યાદગાર ઝલક દર્શાવતી તસ્વીરો















સેવા
સહકાર
સંકલન
સંગઠન

# સંપાદકિય



આપણું સારું વર્તન
આપણને શક્તિ આપે છે.
અન્યને પણ સારા વર્તનની
પ્રેરણા આપે છે.

---

તમે હેરાન થાઓ છો
એનો અર્થ એ નથી કે,
તમારું નસીબ ખરાબ છે,
એનો અર્થ એ છે કે,
તમારો સ્વભાવ
જરૂર કરતાં વધારે સારો છે !!

---

જીવનમાં શ્રમ અને ધીરજ
જરૂરી છે. કારણ કે
જરૂરિયાતો ક્યારેય ઓછી
નથી થતી હોતી.

---

જરૂરિયાતથી વધુ
વિચારવાની ટેવ
માણસની ખુશીઓ
છીનવી લે છે..

---

અન્યો સાથે સકારાત્મક
વિચારોની આપ-લે કરવી
એ જ માનસિક શક્તિનો
સૌથી મોટો સ્રોત છે.

---

'મન' બગડે એવા 'વિચારો'થી
અને
'મૂડ' બગાડે એવા 'માણસો'થી
હંમેશા દૂર જ રહેવું.

---

તમે કેટલા સારા છો એ
મહત્ત્વનું નથી પરંતુ તમે
કેટલા સારા બનવા માગો
છો એ મહત્ત્વનું છે.

---

આપણી સમસ્યાનું સમાધાન માત્ર
આપણી પાસે જ હોય છે. બાકીના
લોકો પાસે તો માત્ર સલાહ હોય છે.

---

જે પરિસ્થિતિ ને મન
સ્વીકાર કરી લે
બસ એ જ સુખ છે...!!

---

તમારા જીવનમાં નવી તકો
લાવી શકે, એવું એક માત્ર
પરિબળ પરિવર્તન જ છે.

---

એ વ્યક્તિ માટે તમામ
પરિસ્થિતિ સારી છે જે
પોતાની અંદર ખુશી
સાચવીને રાખે છે.

---

સમય બધું જ શીખવી દે છે,
લોકો સાથે રહેતા અને
લોકો વગર રહેતા પણ.

---

સમય બતાવી શકે છે કે
તમારી પાસે
કેટલો પૈસો છે...
પણ
પૈસો નથી બતાવી શકતો કે
હવે તમારી પાસે
કેટલો સમય છે...

---

માણસને પરિસ્થિતિ કરતા,
વિચારોનો થાક
વધારે લાગતો હોય છે !!

---

મોટામાં મોટી સમસ્યાનું
સમાધાન ચિંતા કરવાથી નહીં,
યોગ્ય પ્રયાસ કરવાથી થાય છે.

---

આપણું ઘડતર
આપણા વિચારો કરે છે.
એટલે જ
આપણે શું વિચારીએ છીએ
એનું ધ્યાન રાખવું જરુરી છે.

---

તમે પરિસ્થિતિઓને
નિયંત્રિત નથી કરી શકતા,
પણ
પોતાને હંમેશા
નિયંત્રિત કરી શકો છો.

---

જે વ્યક્તિ
કોઈ મહાન લક્ષ્ય સાથે ચાલે છે,
એ ક્યારેય
અધવચ્ચેથી પાછી નથી ફરતી.

---

સારા મિત્રની સાથે યાત્રા કરશો તો
કોઈ પણ માર્ગ લાંબો નહીં લાગે.

---

તમે હંમેશા સાચું
બોલતાં હશો તો તમારે
કશું જ યાદ રાખવાની
જરૂર નથી.

---

જે કહી દીધું એ શબ્દો હતા,
જે ન કહી શક્યા એ લાગણી હતી
અને જે કહેવું છે
છતાં પણ, નથી કહી શકતા
એ મર્યાદા છે..!!

---

દિલાસો હોય કે ખુલાસો,
જો સમયસર થાય તો જ કામનો...

---

શરીરની હાજરી છે
ત્યાં સુધી લાગણી વરસાવી દો,
પછી તસ્વીરને લાગણીની
કોઈ અસર નથી થતી.

---

એ તો તમારે નક્કી કરવાનું છે કે
તમારે કેવા માનવી બનવું છે,
જ્યાં જાઓ ત્યાં
આનંદ થઈ જાય,
કે જ્યાંથી ચાલ્યા જાવ
ત્યાં આનંદ થઈ જાય...!!

---

બધુ ઉછીનું હોય તો ચાલે,
પણ અનુભવ તો,
પોતાનો જ હોવો જોઈએ...

---

એક સત્ય છે કે
ભીડમાં દરેક માણસ
"સારો"
નથી હોતો...
પરંતુ એક સચ્ચાઈ એ છે કે
"સારા"
માણસની ભીડ હોતી નથી....

પ્રમોદ એન. ગાંધી-સંપાદક ● બકુભાઈ સી. ગાંધી-સહસંપાદક

## શ્રી બાપુનગર મિત્ર મંડળ, અમદાવાદ

### વર્ષ ૨૦૨૪-૨૫ની કારોબારી સમીતી

છેલ્લા ૪૨ વર્ષથી સતત કાર્યશીલ આ શ્રી બાપુનગર મિત્રમંડળની તા.૧૬-૦૧-૨૪ના રોજ મળેલ મિટીંગમાં વર્ષ ૨૦૨૪ માટે નીચે મુજબ કારોબારી સમિતિની નીમણુંક કરવામાં આવી છે.

પ્રમુખ : શ્રી મહેશભાઈ દલસુખભાઈ શાહ............(ખરોડ)
ઉચ્ચ પ્રમુખ : બીપીનચંદ્ર કાંતીલાલ શાહ.......(લુણવા મંડાલી)
સેક્રેટરી : સંદિપભાઈ સુમતીભાઈ શાહ...........(બોકરવાડા)

**-: કારોબારી સભ્યો :-**

સુનીલભાઈ વિનોદચંદ્ર શાહ...........................(મોટપ)
અલ્પેશભાઈ સુમતીભાઈ શાહ.....................(બોકરવાડા)
નિલેશભાઈ અરવીંદભાઈ શાહ........................(દાસજ)
વિક્રમભાઈ રોહીતભાઈ શાહ......................(બોકરવાડા)
રોનકભાઈ હર્ષદભાઈ શાહ.......................(મોટી દેઉ)

ખાસ નોંધ :- શ્રી ભાઈલાલભાઈની સુચનાથી ઉપરોક્ત બન્ને પાનાનું લખાણ શ્રી સંદીપભાઈ એ મારા વોટ્સએપ ઉપર મોકલાવેલ. ભૂલ કે અન્ય પૂછપરછ હોય તો યોગ્ય વ્યક્તીનો સંપર્ક કરવો.

## ❁ ❁ ❁ ❁ ધાર્મિક સમાચાર ❁ ❁ ❁ ❁

❁ શ્રી બાપુનગર મિત્ર મંડળ દ્વારા યોજાયેલ બે દિવસીય યાત્રાપ્રવાસ તા.૨૪ અને ૨૫ ડિસેમ્બર-૨૦૨૩ના રોજ યોજાયેલ. જેમાં અમદાવાદથી જગાણા, પાવાપુરી, મીરપુર, ભેરૂતારક, શ્રી જીરાવાલા તીર્થ, મગરવાડા તીર્થની યાત્રાનો લાભ બાપુનગર મિત્ર મંડળના કુલ ૨૪ પરિવાર એટલે કે ૮૦ સભ્યોએ લાભ લીધો. ૨ x ૨ એ.સી. લક્ઝરી બસ દ્વારા આયોજીત આ પ્રવાસમાં રાત્રી રોકાણ જીરાવાલા તીર્થ સ્થાને રાખવામાં આવ્યું હતું. ત્યાં સર્વ યાત્રાળુઓને સ્નાત્ર પુજા ભણાવેલ છે, દરેક પરિવારને યાદગીરીના ચિન્હરૂપે ૧૦ ગ્રામ ચાંદીની લગડી અર્પણ કરવામાં આવી. આ સમગ્ર પ્રોગ્રામ સૌના આર્થિક યોગદાન દ્વારા તેમજ માત્ર ૫૦૦/- રૂપિયાના ટોકન દ્વારા કરવામાં આવ્યું, તેમજ રૂ. ૧૦૦/- સંઘપૂજન કરવામાં આવ્યું.

## શ્રી સુડતાલીસ જૈન જ્ઞાતિ મંડળ, પૂના

### સ્નેહ મિલન-બહુમાન-સંપર્ક પુસ્તિકા વિમોચન કાર્યક્રમ

સહર્ષ જણાવતા આનંદ થાય છે કે... પૂના મંડળ દ્વારા તા.૨૪-૧૨-૨૦૨૩ને રવિવારે વાર્ષિક કાર્યક્રમ 'મહાવીર પ્રતીષ્ઠા' માં જ્ઞાતિજનો, હોદ્દેદારો, વિદ્યાર્થીઓ વિગેરે ૪૫૦ વ્યક્તિઓની ઉપસ્થિતીમાં ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો. જેનો સંપૂર્ણ લાભ સરલાબેન ઈશ્વરલાલ શાહ (દેણપ) પરિવારે લીધો હતો. દીપ પ્રાગટ્ય અને નવકારમંત્રની ધૂન શરૂ થયેલ, ગીત-સંગીતનો મનોરંજન કાર્યક્રમ, ૭૫ વર્ષ ઉપરાંતના વડિલોનું બહુમાન, તપસ્વીઓનું બહુમાન, તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન ઉપરાંત પૂના મંડળની સંપર્ક પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તિકાનો સંપૂર્ણ લાભ શ્રી બિપીનભાઈ શાંતીલાલ શાહ (ઉનાવા) પરિવારે લીધો હતો. સ્વરૂચી ભોજન માણીને કાર્યક્રમની પૂર્ણાહુતી થઈ હતી.

## બદલાયેલા સરનામા...

**અમદાવાદ**

કાર્તિક શશિકાન્તભાઈ શાહ...............................(ભાંડુ)
બી/૭૦૧, સત્વ, મુન્શી હોસ્પિટલ પાસે, શાંતિવન બસસ્ટેન્ડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૮૯૮૨૮૩૩૩૦

## મેડીકલ સહાય ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

રૂા.૫૮૧૫/-


સ્વ.શકરીબેન બાબુલાલ શાહ (ભાલક) વિસનગર

સ્વ.શકરીબેન બાબુલાલ જગજીવનદાસ શાહ (ભાલક) વિસનગરના આત્મશ્રેયાર્થે મેડીકલ સહાય ક્ષેત્રે રૂા.૫૮૧૫/-નું દાન મળેલ છે. હસ્તે : વર્ષાબેન પ્રવિણભાઈ શાહ (વત્સલ હોસ્પિટલ-ડીસા). જ્ઞાતિ મંડળ આ દાન સ્વિકારી સદ્ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરે છે.

## પરિવાર પત્રિકા

### અગત્યની જાહેરાત

આપણા મંડળ દ્વારા પ્રકાશિત "પરિવાર પત્રિકા" ના બીજા પાને નીચેના ભાગમાં અત્યારે સ્વ.નિર્મળાબેન અને સ્વ.જશવંતલાલ ચીમનલાલ શાહ (રણુંજ) અમદાવાદની સ્મૃતિમાં તેમના પરિવારજનો તરફથી તેમના ફોટા અને નામ સાથે સુવાક્ય છપાય છે. તે જગ્યાએ નવા દાતા આવકાર્ય છે, જેનો નકરો એક વર્ષ એપ્રિલ-૨૦૨૪ થી માર્ચ-૨૦૨૫ સુધીના માટે રૂા.૨૧૦૦૦/- અંકે રૂપિયા એકવીસ હજાર રાખવામાં આવેલ છે.

છેલ્લા વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૪નો લાભ શેઠ શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ (રણુંજ) ના પરિવારે તેમની સ્મૃતિમાં લીધેલ જે માર્ચ-૨૦૨૪માં પૂર્ણ થાય છે. જ્ઞાતિ મંડળ આ પરિવારની સમાજ પ્રત્યેની ઉદાર ભાવનાને બિરદાવતાં તેમનો અંતઃકરણપૂર્વક આભાર માને છે. હવે એપ્રિલ-૨૦૨૪ થી ૨૦૨૫ (વાર્ષિક) સુધીના માટે દાતા આવકાર્ય છે. તો જે જ્ઞાતિબંધુઓ આ યોજનામાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ તેમનું લેખિત સંમતિપત્રક સીલબંધ કવરમાં મોડામાં મોડુ તા.૨૫-૦૨-૨૦૨૪ સુધીમાં મોકલી આપવા વિનંતી છે. એક થી વધુ ઓફર સીલબંધ કવરમાં આવશે તો ડ્રો પધ્ધતિથી ભાગ્યશાળી દાતાને આ યોજનાનો લાભ આપવામાં આવશે. રૂા.૨૧૦૦૦/-ના નકરામાં વર્ષમાં એક અથવા બે અલગ-અલગ દર છ મહિને ફોટો છાપી શકશે.



**લગ્ન ઈચ્છુકનો બાયોડેટા ફોટો સાથે વિનામૂલ્યે પ્રગટ કરવામાં આવશે.**



**સુસ્પષ્ટ અક્ષરે લખાણ હોવું જરૂરી છે.**

આજે 'પિતૃછાયા' બંગલામાં શોકમગ્ન વાતાવરણ ધુમ્મસની જેમ છવાઈ ગયું હતું. બંગલાના વિશાળ પ્રાંગણમાં વસંતરાયનો હાર ચડાવેલો ફોટો ટેબલ પર રાખવામાં આવ્યો હતો. ફોટા પાસે પ્રગટાવેલી અગરબત્તીની સુવાસ અને સીડીપ્લેયર પર ધીમા અવાજે વાગી રહેલી રામધૂન વાતાવરણને પવિત્ર કરી રહી હતી. વસંતરાયના ફોટાની બાજુમાં તેમના ત્રણેય દીકરા બેઠા હતા. જ્યારે બીજી બાજુ સફેદ વસ્રોમાં સજ્જ થઈને તેમની ત્રણેય વહુઓ બેઠી હતી.

કોઈ પણ માણસ કેવું જીવન જીવ્યો છે તેનો અંદાજ તેના બેસણામાં કેટલા માણસોની હાજરી છે, તેના પરથી આવી શકતો હોય છે. વસંતરાયના બેસણામાં પણ માનવમહેરામણનો અવિરત પ્રવાહ ચાલુ હતો. સૌ કોઈ ધીમા પગલે ફોટા પાસે આવીને પુષ્પ અર્પણ કરતા હતા. ત્રણેય દીકરાઓ અને વહુઓ બંને હાથ જોડીને આવનાર વ્યક્તિની લાગણીને ઝીલતા હતા.

વસંતરાયનો આત્મા જાણે કે અત્યારે તેમના જીવંત લાગતા ફોટામાં આવીને બેસી ગયો હતો અને આખા દૃશ્યને તેમની આંખોમાં કેદ કરી રહ્યો હતો.

વસંતરાય જીવનના આઠ દાયકાની સફર પૂરી કર્યા બાદ પરલોક સિધાવ્યા હતા. અનાથ વસંતરાય દેવકીને પરણીને ભાડાના મકાનમાં લાવ્યા હતા પરંતુ દેવકીનું તેમના જીવનમાં આગમન સાચા અર્થમાં વસંતનું આગમન સાબિત થયું હતું. દેવકીના પગલાં વસંતરાય માટે એટલાં બધાં શુકનિયાળ સાબિત થયા હતા કે માત્ર ત્રણ જ વર્ષના ગાળામાં વસંતરાયે ધંધામાં અઢળક કમાણી કરી હતી અને અઠ્ઠાવીસ વર્ષની ઉંમરે તો તેમણે આ વિશાળ બંગલો ખરીદવાનું સાહસ કરી નાખ્યું હતું.

આ જ બંગલામાં ત્રણેય દીકરાઓના જન્મ, જનોઈ, લગ્ન તથા દીકરાઓના ઘરે પણ પારણા બંધાવાનાં શુભપ્રસંગો ઉજવાયા હતા. છેલ્લે ત્રણેક વર્ષ પહેલાં દેવકીના અવસાનના દુઃખદ બનાવનો પણ આ જ બંગલો સાક્ષી બની રહ્યો હતો.

વર્ષો પહેલાં મોટા દીકરા મેહુલે વસંતરાયને પૂછ્યું હતું 'પપ્પા, તમે ખૂબ જ મહેનત કરીને જાતે કમાઈને આ બંગલો બાંધ્યો છે, તો પછી તેનું નામ 'પિતૃછાયા' કેમ રાખ્યું છે?'

'મેહુલ, તું એમ માને છે કે બાપદાદા તરફથી મોટો દલ્લો મળે અને તે પૈસામાંથી બંગલો બાંધવામાં આવે તેનું નામ જ 'પિતૃછાયા' રાખી શકાય?' વસંતરાયે દીકરાને ધારદાર પ્રતિપ્રશ્ન કર્યો હતો.

મેહુલને વિચારમાં પડી ગયેલો જોઈ વસંતરાયે તેને શાંતિથી સમજાવ્યું હતું...

'મેહુલ, સ્વપાર્જિત શબ્દ કાયદાનો છે... લાગણીનો નથી.'

'એટલે?'

'એટલે એમ કે ભલે આ બંગલો મેં આપકમાઈથી બનાવ્યો હોય પરંતુ હું તો ચોક્કસ માનું છું કે વડીલો અને પિતૃઓનાં આશીર્વાદ વગર આ શક્ય ન જ બની શકે. તેટલા માટે જ આપણા બંગલાનું નામ રાખ્યું છે, 'પિતૃછાયા.'



# વેન્ટીલેટર

'હા, પપ્પા. તમારી વાત સાચી છે. કોઈ પણ વ્યક્તિની પ્રગતિમાં તેના વડીલોના આશીર્વાદ હંમેશા ભળેલા હોય છે.' મેહુલે વસંતરાયની વાતમાં સૂર પુરાવ્યો હતો. જોગાનુજોગ બાપ દીકરાનો આ સંવાદ થયો ત્યારે વસંતરાયના અંગત મિત્ર છબીલદાસ હાજર હતા. બાપ દીકરાનો એક સૂર જોઈને તેઓ પણ રાજી થયા હતા. છબીલદાસ આમ તો લંડનમાં સ્થાયી થયા હતા પરંતુ બે ચાર વર્ષે ઈન્ડિયા આવે ત્યારે વસંતરાયની અવશ્ય મુલાકાત લેતા.

'વસંત, તું ખરેખર નસીબદાર છે... તમારે બાપ દીકરા વચ્ચે જનરેશન ગેપ જેવું બિલકુલ નથી.'

વસંતરાય મંદ મંદ હસ્યા. થોડીવાર પછી મેહુલ કોઈક કામસર ઉપરના માળે ગયો એટલે વસંતરાયે છબીલદાસની વાતનો તંતુ સાંધ્યો...

'કેમ તમારે લંડનમાં કેવું હોય છે?'

'વસંત લંડનમાં તો છોકરો ચૌદ વર્ષનો થાય એટલે અલગ ફ્લેટ લેવાનું સ્વપ્ન જોતો થઈ જાય છે. પશ્ચિમનું કલ્ચર જ એવું છે કે જે ઘરમાં દીકરી દેવાની હોય ત્યાં જમાઈનું અલગ મકાન છે કે નહિ તે પહેલાં જોવામાં આવે છે.'

'શું વાત કરે છે?' વસંતરાયે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

'હા, ત્યાં આપણા દેશ જેવી સંયુક્ત કુટુંબની ભાવના જ નથી. જોકે હવે તો અહીં દેશમાં પણ ધીમે ધીમે પશ્ચિમની અસર જોવા મળે છે ને?'

'છબીલ, તારી વાત થોડે ઘણે અંશે સાચી છે પરંતુ મારા ત્રણમાંથી એકેય દીકરા મારું વેણ ક્યારેય ઉથાપે જ નહીં.' વસંતરાયે ગર્વથી કહ્યું હતું.

'દોસ્ત, તારી વાત સાચી છે, પરંતુ તેમ છતાં તને એક વણમાગી સલાહ આપું છું કે ગમે તેવા સંજોગો ઊભા થયા પરંતુ આ 'પિતૃછાયા'ને ક્યારેય વેચતો નહીં કારણ કે, ઘડપણમાં આવી મહામૂલી મીલકત જ સાચી મૂડી સાબિત થતી હોય છે.'

'છબીલ, મારી સાચી મૂડી તો મારા ત્રણેય દીકરા જ છે. ત્યાર પછી 'પિતૃછાયા'. વસંતરાયે છબીલદાસની વાત કાપતાં કહ્યું હતું.

છબીલદાસ ચૂપ થઈ ગયા પરંતુ તેમના મનમાં તો રમી જ રહ્યું હતું કે જ્યારે માણસ અંગત સંબંધ માટે અભિમાન રાખતો હોય છે ત્યારે તેને ક્યારેક તે અંગત સંબંધ જ રડાવતો હોય છે.

છબીલદાસના મોઢાના હાવભાવ વસંતરાય તરત કળી ગયા તેથી તેઓ પણ મનમાં જ બોલ્યા... ભાઈ આ તારું લંડન નથી. અહીં બાળકો મા-બાપને ભગવાન કરતાં પણ વિશેષ માનતાં હોય છે.

સમયનું ચક્ર ફરતું ગયું. વસંતરાય પ્રૌઢમાંથી વૃદ્ધ બની ગયા.

દેવકી હતી ત્યાં સુધી તો તેણે પરિવારના સભ્યોની એકસૂત્રતાને ઘણી સારી રીતે સાચવી રાખી હતી. ત્રણેય દીકરાઓ વહુઓ અને તેમના ભુલકાંઓ ખૂબ જ વિનયપૂર્વક વર્તતા હતાં. પરંતુ દેવકીનું અવસાન થયું અને જાણેકે 'પિતૃછાયા' ના વાતાવરણને ગ્રહણ લાગી ગયું. હવે વહુઓ માન મર્યાદાના ઉંબરા ઓળંગવા લાગી હતી. પહેલાં દરરોજ રાત્રે ડાઈનીંગ ટેબલ પર આખો પરિવાર સાથે જમવા બેસતો હતો. હવે સાથે જમવાનો નિયમ તૂટ્યો હતો. વસંતરાયની થાળી તેમના રૂમમાં પહોંચાડવામાં આવતી હતી.

વસંતરાયે નોંધ્યું કે જે દીકરાઓ પાછળ

તેમણે સમગ્ર જીવન સમર્પિત કરી દીધું તેમની પાસે હવે બાપ માટે બિલકુલ સમય નહોતો.

વસંતરાયના બે દીકરાઓએ ધંધામાં ખૂબ જ પ્રગતિ કરી હતી જ્યારે એક દીકરો શહેરની જાણીતી ફર્મમાં ઊચ્ચ હોદ્દા પર હતો.

એકાએક વસંતરાયને મોતીયાનું ઓપરેશન કરાવવાનું થયું. ત્રણેય દીકરાઓના સમયના અભાવે ઓપરેશન પાછું ઠેલાતું જતું હતું. આખરે એકવાર કંટાળીને વસંતરાય ડ્રાયવરને લઈને સીધા આંખના સર્જન પાસે પહોંચી ગયા. મોટી વહુને જાણ થઈ એટલે તરત બધાને દવાખાને દોડાવ્યા અને સમય સચવાઈ ગયો હતો.

વસંતરાય હવે ફક્ત નામના જ ઘરના વડીલ રહ્યા હતા. સમગ્ર પરિવારમાં તેઓ બિલકુલ હાંસીયામાં ધકેલાઈ ગયા હતા. ખાલીપો અને એકલતા જાણેકે તેમના અંગત સ્વજન બની ગયાં હતાં. 'પિતૃછાયા' તેમના નામે હતો તેથી હજુ દીકરાઓ તેમને થોડુંક માન આપતા હતા. જોકે બાપનું કોઈપણ પ્રકારનું સૂચન માનવા માટે તેઓ હરગિઝ તૈયાર નહોતા. બે પેઢી વચ્ચેનો જનરેશન ગેપ મોટો થતો ગયો હતો. બાપ સામે દલીલ કરવાનો દીકરાઓ જન્મસિદ્ધ અધિકાર માનવા લાગ્યા હતા.

એકવાર વચેટ દીકરો મનન કોઈક ગોળી લઈ રહ્યો હતો.

'કેમ... મનન, તબિયત બરોબર નથી?' વસંતરાયે સહાનુભૂતિપૂર્વક પૂછ્યું હતું. 'પપ્પા બલ્ડ પ્રેશરની ગોળી લઉં છું. લાઈફ એટલી બધી સ્ટ્રેસફુલ થઈ ગઈ છે કે વાત ન પૂછો... જોકે મારી ચિંતાનો તમને તો ક્યાંથી ખ્યાલ આવે?' 'કેમ, તારે વળી શી ચિંતા છે? ભગવાનની કૃપાથી તારે તો નોકરી પણ સારી છે.'

મનન એકદમ ગુસ્સે થઈ ગયો... 'પપ્પા, શેની ચિંતા નથી તે પૂછો... અને મને એકલાને જ નહીં ચાલીસીએ પહોંચેલા કોઈપણ વ્યક્તિને પૂછશો તો તે સ્ટ્રેસમાં જ જીવતો હશે.'

'મનન, મને કાંઈ સમજાયું નહીં.' વસંતરાય આશ્ચર્યથી દીકરાને તાકી રહ્યા.

'હું તમને સમજાવું પપ્પા,' નાનો દીકરો સ્પંદન તેના ભાઈ મનનની મદદ કરવા માટે વકીલની અદાથી આગળ આવીને બોલ્યો... 'નોકરી કરતાં હોય તો બોસનું ટેન્શન, ધંધો કરતાં હોય તો ઉઘરાણીનું ટેન્શન. બાળકો બોર્ડમાં ભણતાં હોય તો તેના રિઝલ્ટનું અને એડમીશનનું ટેન્શન, પત્નીનો મૂડ સાચવવાનું ટેન્શન અને જો સંયુક્ત કુટુંબમાં રહેતા હોઈએ તો વડીલોના ઘડપણને સાચવવાનું વધારાનું ટેન્શન.'

નાનો દીકરો સ્પંદન વધારાનું ટેન્શન એવા હાવભાવ સાથે બોલ્યો કે જાણે તેને અત્યંત અણગમતી જવાબદારી વેંઢારવી પડતી હોય !

'બસ દીકરા, તમારી આખી પેઢીની સમસ્યા મને સમજાઈ ગઈ.' વસંતરાયે વાત પતાવવાના ઈરાદાથી કહ્યું.

બંને દીકરાઓ વાત પતાવવાના મૂડમાં નહોતા. તેઓ તો તેમની આખી પેઢીનું પ્રતિનિધિત્વ કરવાના મૂડમાં આવી ગયા હતા...

'પપ્પા, અમારી પેઢીને જશ તો ક્યારેય મળે જ નહિ. જો મા-બાપનું થોડુંક વધારે ધ્યાન રાખવા જઈએ તો માવડીયા કહેવાઈએ અને જો પત્નીને સાચવવા જઈએ તો વહુઘેલા કહેવાઈએ.' સ્પંદન અને મનનને એક સૂરમાં કહ્યું.

બંને દીકરાઓનો આક્રોશ સાંભળીને વસંતરાયને છેલ્લા થોડા સમયથી વહુઓ દ્વારા થતી તેમની અવગણના યાદ આવી ગઈ. દીકરાઓ અત્યારે વહુઓની જ ભાષા બોલે છે. તે વાત તેમના મનમાં સ્પષ્ટ થઈ ગઈ.

વસંતરાયની આંખમાં આંસુનાં તોરણ બંધાયાં... તેમનાથી સામેની દીવાલ પર લગાવેલ દેવકીના ફોટા સામે જોવાઈ ગયું. દેવકી જાણેકે ફોટામાંથી કહી રહી હતી... 'તમને મારા સમ છે, દીકરાઓ સમક્ષ ઢીલા ન પડશો, તમે તો પિતા છો અને પિતાનો પ્રેમ તો આકાશ જેવો હોય છે. ગમે તેટલી મોસમ બદલાય પણ આકાશ તો હંમેશાં સ્થિતપ્રજ્ઞ જ રહેતું હોય છે !' બંને દીકરાઓ ગયા પછી વસંતરાય દેવકીનો ફોટો જોતા ક્યાંય સુધી ગુમસુમ બેસી રહ્યા. આંખમાં આવેલાં આંસુને કારણે તેમને ફોટો ધૂંધળો દેખાતો હતો પરંતુ દેવકી સાથે ગાળેલો ભવ્ય ભૂતકાળ બરોબર દષ્ટિમાન થતો હતો. ખાસ્સી વાર સુધી દેવકી સાથેના સુખદ સંસ્મરણો વાગોળ્યા બાદ વસંતરાયથી તેમના અસ્વસ્થ મનને આસ્વસ્ત કરતાં બોલાઈ ગયું... 'સારું થયું કે દેવકી તેના વ્હાલા દીકરાઓનું આવું વર્તન જોવા માટે હયાત નથી.'

દેવકીના અવસાનના થોડા સમય બાદ વસંતરાયે મોટા દીકરા મેહુલને કહ્યું : 'બેટા, મારી ઈચ્છા છે કે આપણે સહકુટુંબ સિદ્ધપુર જઈને કોઈ બ્રાહ્મણ પાસે માતૃશ્રાદ્ધની વિધિ કરાવી આવીએ.'

'પપ્પા, અત્યારે તો બિઝનેસમાં મને બિલકુલ સમય નથી.' મેહુલે અણગમાપૂર્વક કહ્યું.

વસંતરાયને આંચકો લાગ્યો. તેમણે હિંમત કરીને કહ્યું : 'મેહુલ, તારા જન્મ પછી તું માંદો રહેતો હતો ત્યારે દેવકીએ તિરૂપતિની બાધા રાખી રતી. તે સમયે ધંધામાં હું એકલો જ હતો... મારી પાસે ડાકોર સુધી જઈ શકાય તેટલો પણ સમય ન હતો છતાં અમે તને તિરૂપતિ દર્શને લઈ ગયાં હતાં.'

'પપ્પા, તે સમય જુદો હતો. અત્યારે બિઝનેસમાં ડેવલપમેન્ટ થયા પછી કોમ્પિટિસન પણ ખૂબ જ વધી ગઈ છે, અહીં મારી હાજરી કેટલી જરૂરી છે, તે તમને નહિ સમજાય.'

વસંતરાય વિચારી રહ્યા... જે દીકરો ધંધાનો કક્કો જ તેમની પાસેથી શિખ્યો હતો... તે આસાનીથી કહી રહ્યો હતો... પપ્પા તમને નહીં સમજાય ! હવે મોટા દીકરા પાસે આગળ વાત કરવાનો કોઈ મતલબ જ નહોતો, તેથી વસંતરાયે મૌન રહેવાનું પસંદ કર્યું.

બીજે દિવસે વસંતરાયે નાના દીકરા સ્પંદન પાસે માતૃશ્રાદ્ધ માટે સિદ્ધપુર જવાની ઈચ્છા વ્યક્ત કરી કારણ કે ધાર્મિક વિધિમાં મોટો દીકરો ન બેસે તો નાનો પણ બેસી શકે.

સ્પંદન ચમક્યો... 'પપ્પા, મને તો આવી કોઈ વાતમાં સંડોવશો જ નહિ... હું તો આવાં બધાં તૂતમાં માનતો જ નથી.'

વસંતરાયને આઘાત લાગ્યો. આજ સુધી આ દીકરાઓને તેઓ તેમની સાચી મૂડી માનતા હતા? આજે તેમની આંખ ખુલી ગઈ... સાચી મૂડી બાબતની તેમની માન્યતા કેટલી ભ્રામક હતી તે તેમને સમજાઈ ગયું.

વસંતરાયે અનાયાસે જ આંખમાં આંસુ સાથે દેવકીના ફોટા સામે જોયું. દેવકી ફોટામાંથી કહી રહી હતી... 'તમે નાહકના દુ:ખી થાવ છો. મારી ખુશી તો દીકરા ખુશ રહે તેમાં જ સમાયેલી છે.'

'હા... દેવકી. ગમે તેમ તું મા છો ને? માની ખુશી તો હંમેશા દીકરાની ખુશી સાથે જ સંકળાયેલી હોય ને? પરંતુ... મને લાગે છે કે આપણી સાથે ઈશ્વરનો આ હડહડતો અન્યાય છે. મારાથી આવી વિષમ પરિસ્થિતિ સહન થતી નથી.'

વસંતરાય ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. તેમને સાંત્વન આપવાવાળું કોઈ જ ન હતું. સ્પંદન તો ક્યારનો બહાર જવા માટે નીકળી

ગયો હતો.

વસંતરાયનું શરીર હવે ઘસાતું જતું હતું. દિવસ મોટો લાગતો હતો... ડ્રોઈંગરૂમમાં ટીવીનો રીમોટ હવે વહુઓ અથવા તેમના બાળકોના હાથમાં જ રહેતો તેથી વસંતરાય ભક્તિ ચેનલ જોવા માટે પણ અસમર્થ હતા. સમય પસાર કરવા માટે તેમની પાસે એક પણ વિકલ્પ નહોતો બચ્યો. પગ સાથ આપતા ન હતા તેથી મોર્નિંગ વોક કે ઈવનીંગ વોકમાં જવાનું શક્ય ન હતું.

વસંતરાયને જ્યારે વધારે ખાલીપો લાગે ત્યારે તેઓ દેવકીના ફોટા સાથે વાર્તાલાપ કરી લેતા. આજે રવિવાર હતો. ઘરના બધા સભ્યો વન ડે પિકનિકમાં ગયા હતા. વસંતરાયનો દેવકી સાથે વાર્તાલાપ ચાલુ હતો.

'દેવકી, દીકરાઓ એ વાત જ વિસરી ગયા છે કે... ઘરમાં મોભી તરીકેનું બાપનું સ્થાન ક્યાં હોવું જોઈએ?'

દેવકી એ કોઈ જવાબ ન આપ્યો.

વસંતરાયને ઉધરસ ચડી.

'તમે તમારી તબિયત સંભાળજો કારણ કે મને લાગે છે કે તમે માંદા પડશો તો કોઈ તમારી ચાકરી કરવા માટે સમય નહિ ફાળવી શકે.' દેવકીએ ધીમા અવાજે કહ્યું.

'હા... તારી વાત સાચી છે, દેવકી... પણ એક વાત કહું?'

'શું?' દેવકીએ ફોટામાંથી પૂછ્યું.

'ત્રણેય વહુઓની સજાગતાને દાદ દેવી પડે તેમ છે.'

'એટલે?'

'એટલે એમ કે ત્રણેય વહુઓ તેમના પતિ અને બાળકો મારી સાથે હળેમળે નહીં તે બાબતે ખૂબ જ સજાગ છે... વૃદ્ધાવસ્થામાં આવી સમસ્યાનો સામનો કરવો પડશે તેવી તો મને કલ્પના જ નહોતી.'

મોડી રાત્રે પિકનિકમાંથી બધાં પરત આવ્યાં. કોઈને વસંતરાયનું સાંજનું જમવાનું બાકી છે તે યાદ આવ્યું નહિ. વસંતરાય ભૂખ્યા પેટે જ ઊંઘી ગયા.

વસંતરાય હવે વિષમ પરિસ્થિતિને સહન કરતા જતા હતા. જ્યારે વહુએ થાળી પછાડીને મૂકતી ત્યારે તેમને ખ્યાલ આવી જતો હતો કે આજે પુત્રવધૂ ગુસ્સામાં છે. વસંતરાય આખો દિવસ તેમના રૂમમાં પડ્યા રહેતા હતા પરંતુ પરિવારની નાની મોટી દરેક વાત તેઓ હજુ પણ પામી જતા હતા. વૃદ્ધાવસ્થામાં કેટલીક વાર શરીરનાં અંગો શિથિલ થઈ જાય ત્યારે સિક્સ્થસેન્સ વધુ પાવરફૂલ થઈ જતી હોય છે !

ત્રણેય વહુઓ વચ્ચેનો ખટરાગ અને નાની નાની ચડભડ વસંતરાયના ધ્યાન બહાર નહોતી. ત્રણેય વહુઓને હવે સ્વતંત્ર રીતે રહેવું હતું તેથી તેમણે તેમના પતિ પાસે અલગ મકાન લેવાની જીદ પકડી હતી. આખરે એક દિવસ સવારે ત્રણેય દીકરા ભેગા થઈને વસંતરાય પાસે આવ્યા.

જમાનો જોઈ ચૂકેલા વસંતરાયની અનુભવી આંખે પારખી લીધું કે દીકરાઓના મનમાં ચોક્કસ કંઈક વાત છે. વસંતરાય જાણી જોઈને ચૂપચાપ બેસી રહ્યાં.

મોટા દીકરા મેહુલે વાતની શરૂઆત કરી.

'પપ્પા, અમારા બધાની ઈચ્છા છે કે આ બંગલો વેચીને આપણે ત્રણ ફ્લેટ લઈ લઈએ.'

વસંતરાયને થોડા વર્ષો પહેલાં તેમના મિત્ર છબીલદાસની બંગલો ક્યારેય ન વેચવાની સલાહ યાદ આવી ગઈ.

વસંતરાય ગળું ખોંખારીને બોલ્યા... 'પિતૃછાયા' મારું હૃદય છે. તે વેચવાનું મને યોગ્ય લાગતું નથી.

'પણ પપ્પા, અત્યારે રિયલ એસ્ટેટમાં તેજી છે. છ કરોડ તો આસાનીથી આવી જશે. બે-બે કરોડના ત્રણ લક્ઝુરીયસ ફ્લેટ લઈ લઈએ તો બધાં સ્વતંત્ર રીતે રહી શકે... વળી આપણા એરીયામાં ઘણા બંગલા બિલ્ડરોએ ખરીદી જ લીધા છે ને?' નાના દીકરા સ્પંદને દલીલ કરી.

'પણ, પછી મારે ક્યાં રહેવાનું?' વસંતરાયે વારાફરતી ત્રણેય દીકરાઓની આંખમાં જોયું.

ત્રણેય દીકરા નીચું જોઈ ગયા. થોડીવાર માટે મૌન છવાઈ ગયું.

આખરે મોટા દીકરા મેહુલે ખેલદીલીપૂર્વક કહ્યું... 'પપ્પા, તમારે મારી સાથે જ રહેવાનું છે, ક્યારેક ચેન્જ માટે તમે મનનને ત્યાં કે સ્પંદનને ત્યાં જાવ તે બરોબર છે, બાકી તમારું કાયમી સરનામું તો મારું ઘર જ રહેશે.'

'સારું. હું વિચારીને કહીશ.' વસંતરાયે મુદત માંગી.

ત્રણેય દીકરાઓ આશાવાદી હતા તેથી તરત કોઈક બિલ્ડરને મળવા માટે ઉપડી ગયા.

સાંજે વસંતરાય ઘણા સમય બાદ બહાર ફળીયામાં ઝાડ નીચે બેઠા હતા ત્યારે મોટા દીકરાની વહુ તેના પિયરપક્ષમાં કોઈકની સાથે મોબાઈલ પર વાત કરી રહી હતી.

'અમે મોટા એટલે અમે શું ગધેડી પકડી છે? અમારે જ પપ્પાજીને કાયમ સાથે રાખવાના? બાકીના બે ભાઈઓની કાંઈ ફરજ જ નહીં? કાયમ અમારે જ જવાબદારીનાં પોટલાં ઉપાડીને ફરવાનું? મેં તો મેહુલને કહી દીધું છે કે ત્રણેય ભાઈઓને ચાર ચાર મહીના પપ્પાજીને રાખવાના વારા બાંધવાના છે...'

વસંતરાય આગળ કશું સાંભળી ન શક્યા. તેઓ મનમાં સમસમી ગયા. હવે તેઓ સ્પષ્ટપણે સમજી ગયા હતા કે 'પિતૃછાયા' જેવો આશરો છોડીને તેમને ઓશિયાળું જીવન જીવવું પડશે. હવે તેઓ પરિવારનાં સભ્યો માટે વધારાનો બોજ બની ગયા હતા... અને તે પણ એવો બોજ જેને ફરજ સમજીને નહીં પરંતુ માત્ર સમાજમાં આબરૂ જળવાઈ રહે તે માટે જ દીકરાઓ અને વહુઓ ઉપાડી રહ્યાં હતાં !

વીસેક દિવસ પછી એકાએક વસંતરાયની તબિયત લથડી. એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી. વસંતરાયથી બોલી નહોતું શકાતું તો પણ વારંવાર બોલી રહ્યા હતા... 'મારે મારો આશરો નથી વેચવો... હું 'પિતૃછાયા' નહિ વેચવા દઉં... 'પિતૃછાયા' મારું હૃદય છે... મારો આત્મા છે...'

એમ્બ્યુલન્સમાં બધાં તેમનો લવારો સાંભળી રહ્યા હતા. હવે સૌને ખાત્રી થઈ ગઈ હતી કે વસંતરાય કોઈપણ સંજોગોમાં બંગલો વેચવા નહિ દે.

હોસ્પિટલે પહોંચ્યા પછી વસંતરાયની તબિયત વધારે બગડી. તેમને વેન્ટીલેટર પર રાખવા પડ્યા. બીજે જ દિવસે સવારે વસંતરાયે દેહ છોડી દીધો.

બેસણામાં રાખેલા ફોટા પાસે અગરબત્તી બુઝાઈ ગઈ એટલે ત્રણેય આજ્ઞાંકિત (?) દીકરાઓએ ઊભા થઈને બીજી વધારે અગરબત્તી પ્રગટાવી. અનાયાસે જ તેમનું ધ્યાન ફોટા પર પડ્યું તો વસંતરાયની આંખો જાણે કે વારાફરતી તેમને ધ્યાનપૂર્વક જોઈ રહી હતી. ત્રણમાંથી એકેય દીકરો ફોટામાં પણ બાપની સામે આંખ મેળવવાની હિંમત ન કરી શક્યો.

બે દિવસ પછી રાત્રે ઘરમાં તમામ સભ્યો બેઠાં હતાં. 'પિતૃછાયા' વેચવાનો સોદો શક્ય તેટલો વહેલો કરી લેવાની સૌ કોઈની ગણતરી હતી. જમીન મકાનના દલાલોના ફોન આવવાના ચાલુ થઈ ગયા હતા. એકાએક લંડનથી છબીલદાસ આવી પહોંચ્યા. તેમણે વસંતરાયના અવસાનનો

ખરખરો કર્યો. થોડીવાર માટે મૌન છવાઈ ગયું.

છબીલદાસે ધીમેથી તેમના ઝભ્ભાના ખીસ્સામાંથી કાગળ કાઢ્યો જે તેમને વસંતરાય તરફથી ચારેક દિવસ પહેલાં જ મળ્યો હતો.

છબીલદાસે ગંભીરતાપૂર્વક કહ્યું... 'આ પત્રની સાથે વસંતે કરેલા વીલની કોપી પણ છે.'

સૌ કોઈને નવાઈ લાગી.

છબીલદાસે મોટેથી પત્ર વાંચવાનું શરૂ કર્યું...

વસિયતનામુ કરવાની મારી કોઈ જ ઈચ્છા નહોતી પરંતુ દેવકીના અવસાન પછી મારે મારા જ ઘરમાં પરાયા થઈને રહેવાની અસહ્ય સજા ભોગવવી પડી છે, જેને કારણે નાછૂટકે હું વીલ કરવા માટે મજબૂર બન્યો છું. દેવકીના અવસાન પછી હું તૂટી રહ્યો હતો. મને એમ હતું કે મારો પરિવાર મને તુટતો બચાવી




શકશે. દીકરાઓ એક એવા વેન્ટીલેટરની ગરજ સારસે જેને કારણે હું ટકી જઈશ પરંતુ વ્યથિત હૃદયે સ્વીકારું છું કે મારી માન્યતાને ત્રણેય દીકરાઓએ ભેગા મળીને ખોટી સાબિત કરી છે.

આ સાથેના વીલ મારફતે હું 'પિતૃછાયા' આપણા જ શહેરના જલારામ વૃદ્ધાશ્રમને દાનમાં આપતો જાઉં છું.

છેલ્લું વાક્ય સાંભળીને ત્રણેય દીકરાઓ ડઘાઈને એકબીજા સામે જોઈ રહ્યા.

ત્રણેયના મનમાં તો એક જ વાત ઘુમરાતી હતી... પપ્પાને એ વાતનો અગાઉથી અણસાર કેવી રીતે આવી ગયો હશે કે દીકરાઓ હોસ્પીટલમાં તેમને જીવાડવા માટે રાખવામાં આવેલ લાઈફ સપોર્ટિંગ સિસ્ટમ ખસેડી લેવાનું કુકર્મ પણ આચરવાના છે !

હા.... બંગલાની લાલચમાં ત્રણેય દીકરાઓએ ભેગા મળીને બીજે જ દિવસે વેન્ટીલેટર ખસેડી નાખવાનો ક્રુર નિર્ણય લીધો હતો !

વસંતરાયનું વસિયતનામું સાંભળીને હવે દીકરાઓની આંખમાં પસ્તાવાનું વિપુલ ઝરણું ઊતરી આવ્યું હતું પરંતુ હવે તો આંખમાં આંસુનો દરિયો ઉભરાય તો તે પણ આ પાપકર્મને ધોવા માટે અસમર્થ હતો !

ફોટામાંથી વસંતરાયની નિસ્તેજ આંખો આખા દૃશ્યને સાક્ષીભાવે નિહાળી રહી હતી !

– સૌજન્ય : મેઘધનુષનો આંઠમો રંગ (પુસ્તક)

## પ્રથમ માસિક પૂણ્યતીથીએ શ્રધ્ધાંજલી



## સ્વ. રમેશચંદ્ર માધવલાલ શાહ (દેલોલી–પૂના)

જન્મ તા.૩૧–૦૫–૧૯૫૨ ● સ્વ.તા.૦૮–૦૧–૨૦૨૪

હરપળ તમારી યાદ આવે છે અને આંખ છલકાય છે.<br>
કર્મ એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે,<br>
તમારી બોલતી તસ્વીર જોઈને હજુ નથી થતો સ્વીકાર<br>
કે આપ હયાત નથી.<br>
આપનો મોક્ષ માર્ગ પ્રશસ્ત હો,<br>
પ્રભુ આપના આત્માને શાંતી આપે.

**એજ લિ. પરિવારજનો**

શાહ કોકીલાબેન રમેશચંદ્ર<br>
શાહ પન્નાબેન બિપીનચંદ્ર<br>
શાહ વિલ્પા પિયુષ

શાહ બિપીનચંદ્ર માધવલાલ<br>
શાહ પિયુષ રમેશચંદ્ર<br>
શાહ દેવલ બિપીનચંદ્ર<br>
શાહ નિશિત પિયુષ

**દિકરીઓ** **જમાઈ**

શાહ રોશની - અલ્પેશકુમાર (મુંબઈ)<br>
શાહ શિતલ - હિતેશકુમાર (સુરત)<br>
વખારીયા દિપ્શા - સંદેશકુમાર (અહમદનગર)<br>
શાહ હિરલ - ચિંતનકુમાર (સુરત)<br>
શાહ જીનલ - અમીતકુમાર (મુંબઈ)

**ભાણેજ**

દ્રષ્ટી, યશ, આર્યા, પુજા, વીર, ધન્ય, તીર્થા

# ભાવભીની શ્રધ્ધાંજલિ



**સ્વ. રમેશચંદ્ર માધવલાલ શાહ** (દેલોલી–પૂના)

જન્મ તા.૩૧–૦૫–૧૯૫૨ ● સ્વ.તા.૦૮–૦૧–૨૦૨૪

આંખો હજુ નિહાળે છે તમને... અંતર હજી પોકારે છે તમને
સ્મરણ થાય છે ત્યારે મન મુકી રડાવે છે અમને
મન હજુ માનતું નથી કે તમે અમારા વચ્ચે નથી
કુટુંબના મોભી એવા આપ સદાયે અમારા હૈયે રહેશો.
પ્રભુ આપના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના

રોહીતકુમાર કેશવલાલ શાહ
હસુમતીબેન રોહીતકુમાર શાહ
અલ્પેશ રોહીતકુમાર શાહ
રોશની અલ્પેશકુમાર શાહ
યશ, દ્રષ્ટી

વિનોદચંદ્ર ગીરધરલાલ શાહ
રંજનબેન વિનોદચંદ્ર શાહ
હિતેશકુમાર વિનોદચંદ્ર શાહ
શીતલ હીતેશકુમાર શાહ
પુજા, વીર

અલ્પેશકુમાર રોહીતકુમાર શાહ (મણુંદ-મુંબઈ)
એ/૧૩૦૧, પરવાના ટાવર, રામનગર,
સાંઈબાબાનગર, બોરીવલી (વેસ્ટ),
મુંબઈ-૪૦૦૦૯૨. (મહારાષ્ટ્ર) મો.: ૯૮૧૯૮૭૨૦૪૯

હિતેશ વિનોદચંદ્ર શાહ (સુરત)
એ/૧૨, શાંતીનગર સોસાયટી, જોગણીનગરની સામે,
પ્રાઈમ આર્કેડની સામે, આનંદ મહેલ રોડ,
અડાજણ, સુરત. મો.: ૯૩૭૬૭૫૧૦૦૦

# અશ્રુભીની આંખે... નિઃશબ્દ શ્રધ્ધાંજલિ





**સ્વ.પૂર્વિનભાઈ કીર્તિકુમાર શાહ**
(બોકરવાડા)
જન્મ તા.૦૬-૦૭-૧૯૭૩ • સ્વ.તા.૨૧-૦૧-૨૦૨૪

**સ્વ.કીર્તિકુમાર બાબુલાલ શાહ**
(બોકરવાડા)
સ્વ.તા.૨૧-૦૧-૧૯૯૯

સત્કર્મો તેમની શોભા હતી... સજ્જનતા તેમની સુવાસ હતી,
પ્રસન્નતા તેમનું જીવન હતું... પરોપકાર તેમનું રટન હતું.
આપના સ્નેહ ભર્યા સ્વભાવની મીઠી સુવાસ અમારા હૈયે હંમેશા રહેશે,
ત્યાગ, સમર્પણ, સાધર્મિક અને ભક્તિના માર્ગે ચાલીને ટુંકુ પણ સાર્થક જીવન જીવ્યા.
આપના દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના

**મંજુલાબેન કીર્તિકુમાર શાહ • ભાવીનીબેન પૂર્વિનભાઈ શાહ**
**ચિ.પરીન પૂર્વિનભાઈ શાહ**

પી. કે. એન્ટરપ્રાઈઝ, કૃષ્ણનગર, અમદાવાદ


અમીષકુમાર કીર્તિકુમાર શાહ
સોનલબેન અમીષકુમાર શાહ
ચિ.હેત અમીષકુમાર શાહ
ચિ.દીપ અમીષકુમાર શાહ

સ્વ.નીતાબેન પ્રકાશકુમાર શાહ
(વિસનગર)
દીપ્તીબેન નીલેશકુમાર શાહ
(મોટપ)

**સ્વ.કીર્તિકુમાર બાબુલાલ શાહ પરિવાર (બોકરવાડા)**

રહેઠાણ : બી-૧૦૧, સુયોગ એપાર્ટમેન્ટ, વૃંદાવન બંગલો પાસે,જેબર સ્કુલ સામે, થલતેજ-શીલજ રોડ, થલતેજ, અમદાવાદ. મો.: ૯૭૨૪૭૦૨૪૨૪, ૯૯૨૫૦૫૬૭૭૧, ૯૮૨૫૦૬૬૭૮૩

# શ્રધ્ધાંજલિ



## સ્વ. રમેશચંદ્ર માધવલાલ શાહ (દેલોલી-પૂના)

જન્મ તા.૩૧-૦૫-૧૯૫૨ ● સ્વ.તા.૦૮-૦૧-૨૦૨૪

સહનશીલતા જેમનો શ્વાસ હતો અને પરોપકાર જેમનો પ્રાણ હતો,
દયા જેમના દિલમાં હતી અને ઉદારતા જેમના ઉરમાં હતી,
સાથોસાથ કુટુંબ હેત એમના હૃદયમાં હતું.
આપનું સાદગીભર્યુ અને સંતોષીજીવન તથા માયાળુ સ્વભાવ,
લાગણીશીલતા અને પ્રેમાળતા અમો જીવનભર ભુલીશું નહીં.
મન હજુ માનતું નથી કે તમો અમારી વચ્ચે નથી...
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે અને
ભવોભવ જિનશાસનનું શરણું આપે એ જ પ્રાર્થના..

અશ્રુભીની આંખે...
**કોકિલાબેન રમેશચંદ્ર શાહ**

**પુત્ર**
પિયુષભાઈ રમેશચંદ્ર શાહ
વિલ્પાબેન પિયુષભાઈ શાહ
નિશિત પિયુષ શાહ

**સુપુત્રી**
રોશનીબેન અલ્પેશકુમાર શાહ
યશ-દ્રષ્ટી
શિતલ હિતેશકુમાર શાહ
પુજા-વીર

**ભાઈ**
બિપીનભાઈ માધવલાલ શાહ
પન્નાબેન બિપીનભાઈ શાહ
દિપ્સાબેન સંદેશકુમાર વખારીયા
હિરલબેન ચીંતનકુમાર શાહ
જીનલબેન અમીતકુમાર શાહ
દેવલ

**બેન**
કંચનબેન સુરેશકુમાર પટવા
મંજુબેન રમેશચંદ્ર શાહ

પિયુષભાઈ મો.:૯૮૨૩૦૮૫૫૨૭

# શ્રધ્ધાંજલિ





ઊનાવા-હાલ:મલાડ

**સ્વ. કિર્તીકુમાર બાબુલાલ શાહ**
સ્વ. તા.૧૨-૦૨-૨૦૨૩
ઉદારતાનો દરિયો

**સ્વ. શારદાબેન કિર્તિકુમાર શાહ**
સ્વ.તા.૧૦-૧૧-૨૦૨૩
વાત્સલ્યનું વૃંદાવન

## "અમારા પરિવારના ભાગ્ય વિધાતા"
## પૂજ્ય બા-બાપુજી

વટવૃક્ષ જેવા વિશાળ કુટુંબમાંથી થયેલ આપની અચાનક વિદાય સૌના હ્રદયને હચમચાવી ગઈ.
જીવનભર કરેલા ઉત્તમકા કાર્યો સૌને સમૃધ્ધિના શિખર પર લઈ ગયા.
ચંદન જેવું જીવન જીવીને ચોમેર સુવાચ પ્રસરાવી ગયા...
આપના જીવનના સદ્‌ગુણો જેવા કે વ્યવહાર, કુશળતા, પરિવાર પ્રેમ, સાધર્મિક ભાવ
સ્નેહ સભર આવકાર સહ આતિથ્ય ભાવ, ધર્મપરાયણતા, વતન પ્રેમ,
દિર્ઘદ્રષ્ટિ, સરળતા સહ સાદગી અને સંસ્કારોનો વારસો મૂકીને ગયા.
આવા અમૂલ્ય વારસાનું જતન કરવા અમે સૌ પ્રયત્નશીલ રહીએ.
એજ પ્રાર્થના પરમકૃપાળુ પરમાત્માને કરીએ છીએ.
પ્રભુ સદ્‌ગતના આત્માને ચિરઃશાંતિ અર્પે તેવી પ્રાર્થના

પ્રકાશભાઈ કિર્તીકુમાર શાહ
પુષ્પાબેન પ્રકાશભાઈ શાહ
પુનમ ધવલ શાહ
પૂર્વી અમિત શાહ
હીર, આરવ

**સ્વ. ચંપાબેન બાબુલાલ શાહ**
શશીકાન્ત કિર્તીકુમાર શાહ
રેખાબેન શશીકાન્ત શાહ
જુઈ મલય શાહ
જીનલ શૈલેષ શાહ
કોમલ નિશાન્ત શાહ
કાર્તિક, નમ્ર, આંચલ,
ક્રિશ, નીવી

દિલીપ કિર્તીકુમાર શાહ
દિપીકા દિલીપ શાહ
નમ્રતા જૈનીશ શાહ
ફોરમ તૃપેશ શાહ
માહી

અશ્વીનકુમાર અમરતલાલ શાહ (જમાઈ)
વર્ષા અશ્વીનકુમાર શાહ (દિકરી)
માનસી અભિષેક શાહ
ધારા કેવલ શાહ
માનસી હર્ષિલ શાહ
અનાયા, અચિરા

# અવસાન-શ્રધ્ધાંજલિ



**પદમાબેન મહેન્દ્રભાઈ શાહ**
ગામ : ભાલક
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૪-૦૧-૨૦૨૪, ગુરુવાર



**રમેશભાઈ માધવલાલ શાહ**
ગામ : દેલોલી
હાલ : પૂના
સ્વ. તા.૦૮-૦૧-૨૦૨૪, સોમવાર



**હસમુખલાલ ચકુલાલ શાહ**
ગામ : ઉનાવા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૯-૦૧-૨૦૨૪, મંગળવાર



**શ્રેણીકભાઈ પોપટલાલ શાહ**
ગામ : તરભ
હાલ : અમદાવાદ
સ્વ. તા.૧૯-૦૧-૨૦૨૪, શુક્રવાર



**પૂર્વિન કીર્તિકુમાર શાહ**
ગામ : બોકરવાડા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૧-૦૧-૨૦૨૪, રવિવાર



**શ્રીકાંતભાઈ ચીનલાલ શાહ**
ગામ : ઉનાવા
હાલ : કાંદીવલી, મુંબઈ
સ્વ. તા.૨૨-૦૧-૨૦૨૪, સોમવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**




**પરિવાર પત્રિકા**

**તા.૦૧-૦૮-૨૦૧૬ થી અમલમાં લેવામાં આવતા જાહેરાતના ભાવ**

- ટાઈટલ-૪ (છેલ્લું પેઈજ)....................................રૂા.૪૦૦૦/-
- ટાઈટલ-૩ (છેલ્લેથી અંદરનું પેઈજ)........................રૂા.૩૫૦૦/-
- (ટાઈટલ ૩ અને ૪ આર્ટપેપરમાં છપાશે)
- ઓર્ડીનરી એક પેઈજ.....................................રૂા.૩૦૦૦/-
- ઓર્ડીનરી અડધું પેઈજ....................................રૂા.૨૦૦૦/-
- ઓર્ડીનરી પા પેઈજ.......................................રૂા.૧૫૦૦/-
- જન્મદિનની વધામણીની શુભેચ્છા જાહેરાત...................રૂા.૨૫૦/-
- સરનામા ફોન નંબરમાં ફેરફારની જાહેરાત..................રૂા.૧૦૦/-

A/c Name : Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal, Ahmedabad.
Bank : State Bank of India, Vasna, Ahmedabad.
A/c No. : 32075835516 ● IFSC : SBIN0002684

# વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે શ્રધ્ધાંજલિ



**સ્વ.અ.સૌ. રંજનબેન રોહિતકુમાર શાહ**
(તરભ–હાલ:સુરત)
જન્મતા.૧૦–૧૧–૧૯૪૮ ● સ્વ.તા.૦૬–૦૨–૨૦૨૩

હરપળ તમારી યાદ આવે અને આંખ ભીંજાયા કરે,
જીવન એવું જીવ્યા કે, જોનારા જોતા રહે,
કર્મ એવા કર્યા કે, સૌના હ્રદયમાં ગુંજ્યા કરે,
ધર્મ કદી ભૂલ્યા નહિ, વ્યવહાર કદી ચૂક્યા નહી,
તમારી તસ્વીર જોઈને હજી નથી થતુ સ્વીકાર,
કે આપ નથી હયાત.
આપનો મોક્ષ માર્ગ પ્રશસ્ત હો...!

**આપના ઋણાનુરાગી**


**રોહિતકુમાર સોમચંદ શાહ પરિવાર (તરભ) સુરત**

ગિતેશ રોહિતકુમાર શાહ
પ્રીતિ ગિતેશ શાહ
મીત ગિતેશ શાહ
ડૉ. આશય ગિતેશ શાહ

મયુર રોહિતકુમાર શાહ
નિકીતા મયુર શાહ
પાર્થ મયુર શાહ
માનસી મયુર શાહ

R.N.I. Regd. No. : GujGuj/2003/11307 ● Postal Reg. No. : GAMC - 1401/2021-23 Publishing on 1st Date of every Month
Issued by SSP Ahmedabad Valid up to 31-12-2023 ● Posting at P.S.O. Ahmedabad on 1st date of every month
Licensed to Post Without Prepayment No.PMG/NG/102/2021-23 valid up to 31/12/2023





એક મંદિર હતું એમાં બધા જ માણસો પગાર ઉપર હતા. આરતી વાળો, પુજા કરવાવાળો માણસ, ઘંટ વગાડવાવાળો માણસ પણ પગાર ઉપર હતો... ઘંટ વગાડવાવાળો માણસ આરતી વખતે ભાવમાં એટલો મશગુલ થઈ જાય, કે એને ભાન જ રહેતું નહીં.

ઘંટ વગાડવાવાળો માણસ પુરા ભક્તિભાવથી પોતાનું કામ કરતો, જેથી મંદિરની આરતીમાં આવતા લોકો ભગવાનની સાથે સાથે આ ઘંટ વગાડતા માણસના ભાવનાં પણ દર્શન કરતા, એની પણ વાહ વાહ થતી...

એક દિવસ મંદિરનું ટ્રસ્ટ બદલાયું અને નવા ટ્રસ્ટીએ એવું ફરમાન કર્યું કે, આપણા મંદિરમાં કામ કરતા બધા માણસો ભણેલા હોવા જરૂરી છે, જે ભણેલા ના હોય એમને છુટા કરી દો.

પેલા ઘંટ વગાડવાવાળા ભાઈને ટ્રસ્ટીએ કહ્યું કે 'તમારો આજ સુધીનો પગાર લઈ લો, ને હવેથી તમે નોકરી પર આવતા નહીં.'

પેલાએ કહ્યું, "સાહેબ ભલે ભણતર નથી, પરંતુ મારો ભાવ જુઓ !"

ટ્રસ્ટી કહે, "સાંભળી લો, તમે ભણેલા નથી, એટલે નોકરીમાં રાખવામાં આવશે નહીં..." બીજા દિવસથી મંદિરમાં નવા લોકોને રાખવામાં આવ્યા. પણ આરતીમાં આવતા લોકોને પહેલા જેવી મજા આવતી નહી. ઘંટ વગાડવાવાળા ભાઈની ગેરહાજરી લોકોને વર્તાવા લાગી. થોડાં લોકો ભેગા થઈ પેલા ભાઈના ઘરે ગયા. એમણે વિનંતી કરી કે 'તમે મંદિરમાં આવો.' એ ભાઈએ જવાબ આપ્યો, "હું આવીશ તો ટ્રસ્ટી ને લાગશે કે આ નોકરી લેવા માટે આવે છે. માટે હું આવી શકીશ નહીં."

ત્યાં આવેલા લોકોએ ઉપાય જણાવ્યો કે 'મંદિરની બરાબર સામે તમને એક દુકાન ખોલી આપીએ છીએ. ત્યાં તમારે બેસવાનું. અને આરતીના સમયે ઘંટ વગાડવા આવી જવાનું. બસ પછી કોઈ નહીં કહે કે તમારે નોકરીની જરૂર છે.'

હવે એ ભાઈએ મંદિરની બહાર દુકાન શરૂ કરી, જે એટલી ચાલી કે એકમાંથી સાત દુકાન ને સાતમાંથી એક ફેક્ટરી થઈ ગઈ.

હવે એ માણસ મર્સીડીઝમાં બેસીને ઘંટ વગાડવા આવતો.

સમય વિત્યો. આ વાત જુની થઈ ગઈ.

મંદિરનું ટ્રસ્ટ ફરીથી બદલાઈ ગયું.

નવા ટ્રસ્ટને મંદિરને નવું બનાવવા માટે દાનની જરૂર હતી.

મંદિરના નવા ટ્રસ્ટીઓએ વિચાર્યું કે સહુ પહેલાં આ મંદિરની સામેની ફેક્ટરી માલીકને પહેલા વાત કરીએ.

ટ્રસ્ટીઓ માલિક પાસે ગયા. સાત લાખનો ખર્ચો છે, એવું જણાવ્યું.

ફેક્ટરી માલિકે એક પણ સવાલ કર્યા વગર ચેક લખીને ટ્રસ્ટીને આપી દીધો. ટ્રસ્ટી એ ચેક હાથમાં લીધો ને કહ્યું, "સાહેબ સહીં તો બાકી છે."

માલિક કહે, "મને સહી કરતા નથી આવડતું. લાવો અંગુઠો મારી આપું. ચાલી જશે..."

આ સાંભળીને ટ્રસ્ટીઓ ચોંકી ગયા અને કહે, "સાહેબ તમે અભણ છો તો આટલા આગળ છો. જો ભણેલા હોત તો ક્યાં હોત...!!!"

તો પેલા શેઠે હસીને કહ્યું.

"ભાઈ, હું ભણેલો હોત ને, તો બસ મંદિરમાં ઘંટ જ વગાડતો હોત."

"સારાંશ"

કાર્ય ગમે તેવું હોય, સંજોગો ગમે તેવા હોય, તમારી લાયકાત તમારી ભાવનાઓથી જ નક્કી થાય છે. ભાવનાઓ શુદ્ધ હશે ને, તો ઈશ્વર અને સુંદર ભવિષ્ય ચોક્કસ તમારો સાથ આપશે.

પરિવાર પત્રિકા

કાર્યાલય : શ્રીમતી સરસ્વતીબેન રમણલાલ શાહ સાંસ્કૃતિક ભવન, શ્રી ચુનીલાલ અમુલખદાસ પાર્ટીપ્લોટ, ગોદાવરી દેરાસરની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન. નં. : (૦૭૯) ૨૬૬૦૨૩૭૫
સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ (સોમવારે રજા)
E-mail : mehsana_jainprant@yahoo.com | Website : www.47dashashrimali.com

પ્રકાશન કાર્યાલય : શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ વતી સંપાદક-પ્રકાશક શ્રી પ્રમોદભાઈ એન. ગાંધીએ જગદિશ ઓફસેટ, ઘીકાંટા, અમદાવાદમાં છપાવીને શ્રીમતી સરસ્વતીબેન રમણલાલ શાહ સાંસ્કૃતિક ભવન, શ્રી ચુનીલાલ અમુલખદાસ પાર્ટી પ્લોટ, ગોદાવરી દેરાસરની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭થી પ્રસિધ્ધ કર્યું.